RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 182, Dt.16-10-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મસ્જીદમાં 'જયશ્રીરામ'ના નારા લગાવવાએ અપરાધ નથી : હાઈકોર્ટ

## કર્ણાટકનાં કેસમાં મહત્વપૂર્ણ ચુકાદોઃ ફકત જયશ્રીરામ બોલવાથી કોઈની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચી ન શકે! હેતુ – ઈરાદો પણ ચકાસવો જરૂરી : બે વ્યકિત સામે નોંધાવેલી ફરિયાદ રદ કરવામાં આવી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં ધર્મસ્થાનોને સાંકળતા વધી રહેલા વિવાદમાં કર્ણાટક હાઈકોર્ટે એક મહત્વના ચુકાદામાં જણાવ્યું હતું કે, મસ્જીદમાં નજયશ્રીરામથના નારા લગાવવાથી કોઈની ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચતી નથી અને તે કોઈ અપરાધ બની શકે નહિં દક્ષિણ કન્નડા જીલ્લામાં ગત મહિને બનેલી આ પ્રકારની ઘટનામાં બે વ્યકિતઓએ રાત્રીનાં સ્થાનિક મસ્જીદમાં પ્રવેશીને નજયશ્રીરામથ ના નારા લગાવ્યા હતા.



જે અંગે આ બન્ને વ્યકિતઓ સામે ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડવાનો આરોપ મુકીને જે ફરીયાદ દાખલ થઈ હતી તે હાઈકોર્ટે રદ કરી હતી. કર્ણાટક પોલીસે આ બન્ને સામે કલમ ૨૯૫ એ ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવી ગુન્હાહીત રીતે ઈમારતમાં ઘુસણખોરી કરવી સહીતની કલમો લગાવી હતી.પણ હાઈકોર્ટે નિરિણ વ્યકત કર્યુ છે. કલમ ૨૯૫–એ હેઠળ જયશ્રી રામ બોલવુ એ અપરાધ ગણી શકાય નહિં.

આ કલમ ઈરાદાપુર્વક અને દ્વેશભાવથી કોઈ એક વર્ગની ધાર્મિક લાગણીઓની અપમાન કરવા માટે કે તેની આસ્થાને ઠેસ પહોંચાડવા માટે અપરાધ ગણાય છે પણ કોઈ વ્યકિત જયશ્રી રામ બોલે તો કઈ રીતે કોઈની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચી શકે તે પ્રશ્ન છે.

ખાસ કરીને જયારે ફરીયાદમાં પણ જણાવાયું કે આ વિસ્તારમાં હિન્દુ–મુસ્લીમ કોમી એખલાસ અને શાંતિપૂર્વક રહે છે અને આ પ્રકારની પ્રવૃતિ બાદમાં કોઈ તનાવ થયો નથી અને આ દ્રષ્ટિએ જાહેર શાંતીનો પણ કોઈ રીત ભંગ થયો નથી.

હાઈકોર્ટ આ સંદર્ભમાં સુપ્રિમ કોર્ટના ચુકાદાને ટાંકતા જણાવ્યુ હતું.

# દેશમાં વસતી અણુબોમ્બ જેવી ખતરનાક બની ગઈ છેઃ ધનખડ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં આસામ ઉપરાંત અનેક રાજયોમાં ચોકકસ સમુદાયની સતત વધતી રહેલી વસ્તી પર એક મોટા વિધાનમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે વસ્તીની આ સર્જાઈ રહેલી અસમતુલાને અણુ બોમ્બ જેવી જ ગંભીર ગણાવતાં ઉમેર્યુ હતું કે આ પ્રકારે નડેમોગ્રાફીક ડીસઓર્ડરથ વસતીનું અસંતુલન થવાથી આ ક્ષેત્રમાં ચૂંટણીનો પણ કોઈ અર્થ રહેતો નથી તેઓએ જણાવ્યું કે દેશના અનેક ક્ષેત્રો એ ચોકકસ સમુદાય–જુથનાં નરાજકીય કિલ્લા જેવા બની રહ્યા છે. જેથી ત્યાં ચૂંટણી જેમાં લોકોને તેમનાં પ્રતિનિધિ ચુંટવાની તક મળે છે તેનો કોઈ અર્થ રહેતો નથી અને લોકશાહી બિન અસરકારક બની જાય છે અને તેનું મહત્વ પણ ગુમાવી દે છે. જયપુરમાં બિરલા ઓડીટોરીયમમાં કાર્યક્રમોમાં બોલતા ધનખડે કરેલા આ વિધાનો જે રીતે આસામ ઉપરાંત ઉત્તર પ્રદેશ, બિહાર અને અન્ય રાજયોમાં અનેક ક્ષેત્રોમાં ચોકકસ સમુદાયની વસતીમાં થયેલા બેતહાશા તપાસ સંદર્ભમાં સૂચક છે. તેઓએ જણાવ્યું કે આ ક્ષેત્રો કંઈ રીતે વ્યુહાત્મક બદલાવ લાવી રહ્યા છે તે



ચેતવણીજનક છે અને તે ચોકકસ સમુદાયને માટે અભેદ કિલ્લા જેવા બની ગયા છે. ધનખડે સ્પષ્ટ કર્યુ કે કુદરતી અને સ્વાભાવીક રીતે વસતી બદલાવ થાય તેમાં કોઈ વિરોધ થઈ શકે નહિં અને જે રીતે ચોકકસ સમુદાય દ્વારા ચોકકસ ક્ષેત્રમાં વસતી બદલાવ લાવવામાં આવી રહ્યા છે તેને હું એક ખતરા તરીકે પણ જોવ છું. તેઓ ભય અનુભવે છે. તે પ્રકારનાં બદલાવનો હેતુ ચોક્કસ ઉદ્દેશ હાંસલ કરવા માટે એક વ્યુહાત્મક ચાલ છે અને છેલ્લા કેટલાંક દશકાથી આ પ્રકારનાં બદલાવથી એક સમાજ અને એકંદરે ખલેલ પહોંચાડતી સ્થિતિ સર્જી છે. જે આપણા મુલ્યો સામાજીક સંસ્કૃતિ અને લોકશાહી સામે પડકાર છે અને આ સમસ્યાને જો વ્યવસ્થિત રૂપે સંભાળવામાં નહી આવે તો પછી ભગવાન પણ આપણને બચાવી શકે તેમ નથી અને તે ભવિષ્યમાં ભારત પર બહારી ખતરાને પણ વધારશે.

# દ્વિપક્ષી મંત્રણા માટે પાક.ની ઓફર : જયશંકરે ઠંડુ પાણી રેડી દીધું

**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**

પાકિસ્તાનમાં આજથી શરુ થયેલા શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠક પૂર્વે ફરી એક વખત પાકિસ્તાને કાશ્મીર સહિતના મુદ્દે ભારત સાથે દ્વિપક્ષીય વાટાઘાટ માટે તૈયારી બતાવી હતી પરંતુ નવ વર્ષ બાદ પ્રથમ વખત પાકિસ્તાનની મુલાકાત ગયેલા ભારતના વિદેશ મંત્રી એસ.જયશંકરે કંઈ જવાબ ન આપી પાકિસ્તાનની કાશ્મીર મુદ્દાની ફરી એક વખત ચર્ચા પર ઠંડુ પાણી રેડી દીધું હતું.શ્રી જયશંકર અગાઉ જ કહી ગયા હતા કે તેઓ શાંઘાઈ સહયોગ સંગઠની



બેઠકમાં ભાગ લેવા જાય છે નહીં કે કોઈ દ્વિપક્ષી મંત્રણા માટે પાકિસ્તાનની મુલાકાત લઈ રહ્યા છે. ગઈકાલે તેમણે પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફ સાથે હાથ મીલાવ્યા હતા પરંતુ પાકિસ્તાનના વિદેશ મંત્રીએ ભારત ઈચ્છે તો તે આ સંમેલનની સાથોસાથ દ્વિપક્ષી મંત્રણા માટે તૈયાર છે તેવું જણાવ્યું હતું પરંતુ જયશંકર પાસેથી કોઈ જવાબ આવ્યો ન હતો. પાકિસ્તાનને ભારતે સ્પષ્ટ સંદેશ મોકલી આપેલ કે જ્યાં સુધી ત્રાસવાદ ખત્મ ન થાય ત્યાર સુધી પાકિસ્તાન સાથે મંત્રણાનો કોઈ પ્રશ્ન જ નથી.

# આંધ્ર–તામિલનાડુ – બેંગલુરુમાં મેઘ તાંડવ

**મુખ્ય સમાચાર,ચેન્નાઈ**

ચેન્નાઈ અને તમિલનાડુના અન્ય સ્થળોએ ભારે વરસાદને કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. કોલોનીઓથી લઈને રસ્તાઓ સુધી ઘૂંટણિયે પાણી ભરાઈ ગયા હતા. રોડથી લઈને ટ્રેન અને એર ટ્રાન્સપોર્ટ સિસ્ટમ ખોરવાઈ ગઈ. ઘણી ટ્રેનો અને ફ્લાઈટ્સ કેન્સલ કરવી પડી હતી. હવામાન વિભાગે આગામી બે દિવસ સુધી રાજ્યમાં ભારે વરસાદની ચેતવણી આપી છે અને કહ્યું છે કે લો પ્રેશર એરિયા ડિ–શનમાં ફેરવાઈ ગયું છે અને ૧૭ ઓક્ટોબરે સવારે ચેન્નાઈના દરિયાકાંઠેથી પસાર થવાની શકયતા છે.ચેન્નાઈ શહેર સહિત રાજ્યના વિવિધ ભાગોમાં બસ સેવા ખોરવાઈ ગઈ હતી. દક્ષિણ રેલ્વેએ ચેન્નાઈ સેન્ટ્રલ–મૈસુર કાવેરી એક્સપ્રેસ સહિત ચાર એક્સપ્રેસ ટ્રેનોને રદ કરવાની અને અન્ય કેટલીક ટ્રેનોને ડાયવર્ઝન કરવાની જાહેરાત કરી છે. પાણી ભરાયેલા રસ્તાઓને કારણે પૂરતી સંખ્યામાં મુસાફરો એરપોર્ટ સુધી પહોંચી શકયા ન હોવાથી ઘણી ડોમેસ્ટિક ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી.

ઈંખઉની ચેતવણીને પગલે રાજ્ય સરકારે ચેન્નાઈ, તિરુવલુર, કાંચીપુરમ અને ચેંગલપેટ જિલ્લામાં ૧૬ ઓક્ટોબરે આવશ્યક સેવાઓ સિવાય તમામ શાળાઓ, કોલેજો અને સરકારી કચેરીઓમાં રજા જાહેર કરી છે. વરિષ્ઠ ઈંઅજ અધિકારીઓની દેખરેખ હેઠળ વિવિધ જિલ્લાઓમાં રાહત શિબિરોની સ્થાપના કરવામાં આવી છે.

કર્ણાટકની રાજધાની બેંગ્લોર સહિત રાજ્યના વિવિધ ભાગોમાં ભારે વરસાદને કારણે જનજીવન પ્રભાવિત થયું હતું. અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. પુડુચેરીમાં પણ ૧૬મી ઓક્ટોબરે શાળા–કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે.

કર્ણાટક સરકારે ભારે વરસાદની આગાહીને કારણે બેંગલુરુ શહેર જિલ્લામાં શાળાઓ બંધ કરવાની જાહેરાત કરી છે. બેંગલુરુ અર્બન ડિસ્ટ્રિક્ટ કલેક્ટર જગદીશે આદેશ આપ્યો અને શહેરના તમામ તાલુકાઓમાં આંગણવાડી કેન્દ્રો, સરકારી અને



ખાનગી શાળાઓ માટે રજા જાહેર કરી. વાલ્મીકિ જયંતિ નિમિત્તે સરકારી રજા હોવાથી રાજ્યમાં ૧૭ ઓક્ટોબરે પણ શાળાઓ બંધ રહેશે.હવામાન વિભાગે આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહી કર્યા બાદ તામિલનાડુ, પુડુચેરી અને કરાઈકલ પ્રદેશોમાં આવતીકાલે એટલે કે ૧૬ ઓક્ટોબરે તમામ શાળાઓ અને કોલેજો બંધ રહેશે.

# ભારત–કેનેડા વિવાદમાં હવે અમેરિકા એ મધપુડો છંછેડયોઃ ટ્રુડો સરકારે લગાવેલા આરોપો ગંભીર

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારત અને કેનેડા વચ્ચેના વિવાદમાં હવે અમેરિકા પણ કૂદી પડ્યું છે. કેનેડાએ ફરી આરોપ લગાવ્યો છે કે હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય અધિકારીઓનો હાથ છે. આ સાથે તેણે ભારતના હાઈ કમિશનર સહિત છ રાજદ્વારીઓને પાછા બોલાવી દીધા છે. આ આરોપો બાદ કેનેડા અને ભારત વચ્ચે રાજદ્વારી તણાવ વધી ગયો છે. કેનેડાએ મંગળવારે કહ્યું કે તેણે પફાઈવ આઈઝથ (ઓસ્ટ્રેલિયા, કેનેડા, ન્યૂઝીલેન્ડ, યુકે અને અમેરિકા)ને આ અંગે જાણ કરી છે. હવે અમેરિકાએ કેનેડાના આરોપોને ખૂબ જ ગંભીર ગણાવતા ભારતને તપાસમાં સહકાર આપવા વિનંતી કરી છે.

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે કહ્યું કે, પઅમે સ્પષ્ટ કર્યું છે કે કેનેડાના આરોપો ખૂબ ગંભીર છે અને તેને ગંભીરતાથી લેવાની જરૂર છે. અમે ઈચ્છીએ છીએ કે ભારત સરકાર કેનેડા અને તેની તપાસમાં સહકાર આપે. પરંતુ ભારતે વૈકલ્પિક રસ્તો પસંદ કર્યો.

આ પહેલીવાર નથી જ્યારે અમેરિકાએ ભારત અને કેનેડા વચ્ચેના તણાવ પર ટિપ્પણી કરી હોય. ગયા વર્ષે જ્યારે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ સંસદમાં ભારત પર નિજ્જરની હત્યામાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો હતો ત્યારે અમેરિકાએ ભારતની પ્રતિક્રિયા પર ચિંતા વ્યક્ત કરી હતી. તે સમયે ભારતે કેનેડાના ૪૧ રાજદ્વારીઓને પરત ફરવાનું કહ્યું હતું. ત્યારે પણ મેથ્યુ મિલરે કહ્યું હતું કે અમેરિકા માને છે કે ભારતે કેનેડાની તપાસમાં સહયોગ કરવો જોઈએ.

કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની કથિત હત્યા બાદ કેનેડિયન વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો વારંવાર ભારત વિરુદ્ધ અવાર–નવાર ઝેર ઓકતા રહે છે. ટ્રુડો સરકારે નિજ્જર કેસમાં ભારતીય હાઈ કમિશનર સંજય કુમાર વર્માએ નવ્યક્તિગત હિતથનો ઉપયોગ કર્યો હોવાનો આક્ષેપ કર્યા બાદ ભારતે કેનેડામાંથી ભારતીય રાજદૂતને પરત બોલાવી લીધા બાદ વધુ એક મોટો નિર્ણય કર્યો છે. કેન્દ્ર સરકારે કેનેડાના હાઈકમિશનર સહિત છ રાજદ્વારીની હકાલપટ્ટી કરી છે. ભારતે તેમને ૧૯ ઓક્ટોબર સુધીમાં દેશ છોડવાનો આદેશ આપ્યો છે. આ પહેલા કેન્દ્ર સરકારે સંજય કુમાર વર્માને તાત્કાલિક ત્યાંથી ભારત પરત બોલાવી દીધા છે. ભારત સરકારે કેનેડામાંથી હાઈ કમિશનર અને અન્ય લક્ષિત રાજદ્વારીઓ અને અધિકારીઓને



પાછા ખેંચવાનો નિર્ણય લીધો છે.ખાલિસ્તાન સમર્થક હરદીપ સિંહ નિજ્જરની હત્યા સાથે આ મામલો જોડાયેલો છે. નિજ્જર કેનેડાનો નાગરિક હોવા છતાં તેને ભારતે આતંકવાદી જાહેર કર્યો છે. ગયા વર્ષે ૧૮ જૂનના રોજ બ્રિટિશ કોલંબિયાના સરેમાં ગુરુદ્વારા પાસે તેની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

ગયા વર્ષે ૧૮ સપ્ટેમ્બરે કેનેડાના પીએમ જસ્ટિન ટ્રુડોએ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની સંડોવણી હોવાનો આરોપ લગાવ્યો હતો. જો કે ભારતે કેનેડાના આ દાવાને પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા છે. સોમવારે કેનેડાએ ભારતીય રાજદ્વારીઓને સીધા જ સકંજામાં લીધા છે. બાદમાં ટ્રુડોએ પણ પ્રેસ કોન્ફરન્સમાં ભારત પર આરોપ લગાવ્યો હતો.

# બિહારમાં લઠ્ઠાકાંડથી ખળભળાટ, ૭થી વધુનાં મોતઃ અનેક લોકોને હોસ્પિટલે ખસેડાયા

**મુખ્ય સમાચાર, પટણા**

નશાબંધી રાજ્ય બિહારમાં ફરી એકવાર લઠ્ઠાકાંડની ઘટના બનતા હાહાકાર મચ્યો છે. જેના પગલે સાતથી વધુ લોકોના મોત થયા હોવાના અહેવાલો મળ્યા છે. જ્યારે ૧૨થી વધુ લોકો બીમાર પડતાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બિહારના સિવાન જિલ્લાના ભગવાનપુર વિસ્તારમાં સ્થિત માધર ગામમાં ઝેરી દારૂ પીવાથી આ મોત થયા હોવાનું ગ્રામજનોએ જણાવ્યું છે. જો કે, સત્તાવાર હાલ કોઈ ખાતરી કરવામાં આવી નથી.

આ ઘટના મંગળવારે મોડી રાત્રે બની હતી. વધુ તપાસ હાથ ધરવા ડીએમ અને એસપીએ ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. પોલીસના ભયથી ગ્રામજનો ઝેરી દારૂથી મોત થયુ હોવાની માહિતી છુપાવી પણ રહ્યા



છે. જેના પગલે એક પરિવારે તો પોલીસની જાણ બહાર બારોબાર મૃતદેહનો અગ્નિદાહ કરી દીધો હતો.

ઝેરી દારૂ પીવાથી બે લોકોએ પોતાના આંખની દ્રષ્ટિ ગુમાવી હોવાની અહેવાલો પણ મળ્યા છે. મશરકના બરાહીપુર ગામમાં આ ઝેરી દારૂ પીવાથી એકનું મોત અને બે લોકોની આંખો છીનવાઈ ગઈ છે. બેલાસપુરીમાં પણ ત્રણ મોત થયા હોવાની ચર્ચા છે. પોલીસે બે શબને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. બીજી તરફ કૌડિયા વૈશ્ય ટોળાના અરવિંદ સિંહની અંતિમક્રિયા રાતોરાત જ પરિવારજનો અને ગ્રામજનોએ ભેગા મળી પતાવી દીધી હતી.

# ઈન્કમ ટેકસની 'વિવાદ સે વિશ્વાસ સ્કીમ'ની માગરિખા જાહેર : ૨૨ જુલાઈ સુધીનાં કેસોમાં લાભ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આવકવેરાનાં જુના કેસોના નિકાલ માટે સરકાર દ્વારા વિવાદ એ વિશ્વાસ સ્કીમ શરૂ કરવાની ઘોષણા કરવામાં આવી હતી. આવકવેરા વિભાગ દ્વારા તેના માટેની માર્ગદર્શિકા નોંધ જારી કરવામાં આવી છે.

૨૧ જુલાઈ ૨૦૨૪ સુધી સુપ્રિમ કોર્ટ, હાઈકોર્ટ, ઈન્કમટેકસ ટ્રીબ્યુનલ, કમીશ્નરો/જોઈન્ટ કમીશ્નર (અપીલ) સમક્ષ કેસ પેન્ડીંગ હોય તેવા કરદાતા જ આ સ્કીમનો લાભ લઈ શકશે.યોજનામાં ડીઆરપી સમક્ષનાં પેન્ડીંગ કેસ તથા ઈન્કમટેકસ કમિશ્નર સમક્ષ પેન્ડીંગ અરજી પણ સામેલ થઈ શકશે.

૩૧ ડીસેમ્બર સુધીમાં લાભ લેવામાં આવે તો વિવાદીત ટેકસ ડીમાંડનાં ૧૦૦ ટકા નાણાની ચુકવણી કરવાની રહેશે અને વ્યાજ–પેનલ્ટી માફ થઈ જશે.

કરદાતાઓની મુશ્કેલી દુર કરવા માટે પ્રક્રિયામાં નિયમીત રીતે સુધારા કરી રહેલા આવકવેરા વિભાગ કે રીટર્ન ભરવા માટે ઈ–ફાઈલીંગ આઈટીઆર પોર્ટલમાં મોટા બદલાવ કરવાની તૈયારીમાં છે તેનાથી રીટર્ન ભરવાનું સરળ બનશે.

આવકવેરા વિભાગનાં ઈન્ટરનલ સરકર્યુલેશનના આધારે એવુ બહાર આવ્યુ છે કે નવુ આઈટીઆર ઈ–ફાઈલીંગ પોર્ટલ તુર્તમાં લોન્ચ થશે.પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. વર્તમાન ઈન્ટીગ્રેટેડ ઈ–ફાઈલીંગ તથા સેન્ટ્રલાઈઝડ



પ્રોસેસીંગ સેન્ટર ૨.૦ નુ ઓપરેશન ખત્મ થઈ જશે અને તેના સ્થાને આઈઈસી ૩.૦ શરૂ થશે.

કરવેરા નિષ્ણાંતોના કહેવા પ્રમાણે ગમે તેવો ઘસારો હોય કયારેય ઈ–કોમર્સ પ્લેટફોર્મ ક્રેશ થતુ નથી. જયારે આવકવેરા પોર્ટલ રીટર્ન ફાઈલ કરવાના અંતિમ દિવસોમાં ડચકા ખાવા લાગતુ હોય છે. એટલે તે અપગ્રેડ કરવાનું અનિવાર્ય છે.

# આગામી ૧લી જાન્યુઆરીથી દાગીના બનાવતા પૂર્વે જ સોનાનું હોલમાર્કીંગ ફરજીયાત બનાવાશે

## ૧લી જાન્યુઆરીથી અમલની તૈયારીઃ કમીટીએ સરકારને રીપોર્ટ આપી દીધો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગ્રાહકોને છેતરપીંડીથી બચાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા નવા–નવા કાયદા–નિયમો લાગુ કરવામાં આવી જ રહ્યા છે. સોનાના દાગીનાની શુદ્ધતા માટે હાલ ફરજીયાત હોલમાર્કનો નિયમ છે તે મોટો મહત્વપૂર્ણ બદલાવ કરવાની તૈયારી છે. નવા વર્ષ ૧લી જાન્યુઆરીથી દાગીના બનાવતા પૂર્વે જ સોનાનું હોલમાર્કીંગ ફરજીયાત બનાવવાનો નિયમ દાખલ કરવાની તૈયારી શરૂ કરવામાં આવી છે.

દેશભરમાં તે તબકકાવાર લાગુ કરાશે. સરકાર દ્વારા સંબંધીત પક્ષકારોના સુચનો માંગવામાં આવ્યા હતા. અને તેમાં સહમતી આપવામાં આવી છે. સોનાના દાગીના બનાવવા માટે ઉપયોગમાં લેવાતા બુલીયન બીસ્કીટ–લગડી પર હાલ હોલમાર્ક ફરજીયાત નથી.

ગ્રાહકો લાંબા ગાળાની એવી માંગ કરતા હતા કે જેમાંથી આભુષણો બને છે તે સોના પર જ હોલમાર્કનો નિયમ દાખલ થવો જોઈએ અને તે સંજોગોમાં જ શુદ્ધતા પ્રમાણીત થઈ શકે. સરકાર દ્વારા લાંબા વખતથી ચર્ચા–પરામર્શ કરવામાં આવી રહ્યા છે. ગોલ્ડ બુલીયનમાં પણ હોલમાર્ક ફરજીયાત થવાના સંજોગોમાં આયાતી માલની ગુણવતા પર શંકા નહીં રહે. ગોલ્ડ બુલીયન પર હોલમાર્ક ફરજીયાત કરવાનો નિર્ણય લેવા માટે ગઠીત



સમિતિએ સરકારને રીપોર્ટ સોંપી દીધો છે અને ચાલુ વર્ષનાં અંત સુધીમાં તમામ પ્રક્રિયા પૂર્ણ થઈ જશે. ડીસેમ્બરમાં તેના નિયમો પણ જાહેર કરી દેવામાં આવશે અને નવા વર્ષથી તેનો તબકકાવાર અમલ શરૂ કરી દેવાશે.

આ નિયમથી હોલમાર્કવાળા સોનામાંથી જ દાગીનાં બનવાના સંજોગોમાં છેતરપીંડીની શંકા દુર થઈ જશે.દાગીનાં ઘડાયા પુર્વે જ સોનુ કેટલુ શુદ્ધ હતુ તેની જાણ થઈ જશે અને ત્યારબાદ દાગીના બન્યા બાદ શુદ્ધતામાં કેટલો ફેર પડયો તેની પણ જાણકારી મળી જશે.

# ટ્રેન ઉથલાવવાના કાવતરા વચ્ચે રાજકોટ રેલ્વે સ્ટેશન પરથી જીવતા કાર્ટીસ સાથે દેશી તમંચો મળી આવ્યો

## બરૌની-રાજકોટ એક્સપ્રેસના કોચની વચ્ચે કોરીડોરમાં રેઢું હથિયાર મળી આવતાં પોલીસમાં દોડધામ મચી





**મુખ્ય સમાચાર,રાજકોટ**
રાજ્યમાં થયેલ ટ્રેન ઉથલાવવાના કાવતરા વચ્ચે રાજકોટ રેલ્વે સ્ટેશન પરથી જીવતા કાર્ટીસ સાથે દેશી તમંચો મળી આવતાં પોલીસમાં દોડધામ મચી ગઈ હતી. એસઓજીની ટીમે તમંચો અને કાર્ટીસ કબ્જે કરી તપાસનો ધમધમાટ આદર્યો હતો. થોડાં સમય પૂર્વે જ પશ્ચિમ રેલ્વે એસપી બલરામ મીણાએ રાજકોટ રેલ્વે સ્ટેશન પર મુલાકાત કરી સ્ટાફને કડક પેટ્રોલિંગ કરવાની સૂચના આપી હતી.

પ્રાપ્ત વિગત મુજબ, રેલ્વે પોલીસ અધિક પોલીસ મહાનિર્દેશક પરીક્ષીતા રાઠોડ, એસપી બલરામ મીણા, ડીવાયએસપી એસ.આર.પટેલ દ્વારા રેલ્વે સ્ટેશન વિસ્તારમાં હથીયારધારા અને નાર્કોટીક્સના કેસો શોધી કાઢવાની આપેલ સૂચનાથી એસઓજી અમદાવાદ પીઆઈ વી.એન.સીંગરખીયા અને એચ.કે.શ્રીમાળીના માર્ગદર્શન હેઠળ એસઓજી ટીમ રાજકોટના હેડ કોન્સ્ટેબલ સિધ્ધરાજસિંહ જાડેજા અને હિતેષભાઈ રેલ્વે પ્લેટફોર્મ પર આવતી જતી ટ્રેનોમાં ચઢતા ઉતરતા પેસેન્જર પર વોચ રાખવા હાજર હતા તે દરમ્યાન ટ્રેન નં.૦૯૫૭૦ બરૌની-રાજકોટ એક્સ (સાપ્તાહિક) ટ્રેનના જ/૫-જ/૬ બન્ને કોચની વચ્ચે કોરીડોરમાં નીચે પડેલ બિનવારસી એક સફેદ પ્લાસ્ટીક કંતાનની નાની થેલીમાં દેશી તમંચો તથા બે કારતુસ ગ્રાઈવેટ સફાઈ કામદાર બાબુલાલ કુસ્વાહાને જોવામાં આવતા તેમને તુરંત એસઓજી સ્ટાફને જાણ કરતા સ્ટાફે દોડી જઈ દેશી તમંચો અને જીવતા કારતુસ સહિત રૂ.૫૨૦૦ નો મુદામાલ કબ્જે કરી તપાસ હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે, બોટાદ સહિત રાજ્યભરમાં અગાઉ ટ્રેન ઉથલાવવા પાટા સાથે ચેડા કરી મુસાફરોની ઝીંદગી સાથે ખેલ કરવાના બનાવો આવ્યાં હોય જેથી પશ્ચિમ રેલ્વે એસપી બલરામ મીણાએ થોડાં સમય પહેલાં જ રાજકોટ રેલ્વે સ્ટેશનની મુલાકાત કરી એલસીબી, એસઓજી ટીમને સખત પેટ્રોલીંગ કરી વોચ રાખવાની કડક સૂચના આપ્યાં બાદ એલસીબી અને એસઓજી ટીમ સતર્ક થયાં બાદ દેશી તમંચો રેઢો મળતાં ફરીવાર દોડધામ મચી ગઈ હતી. કોઈ દુર્ઘટના ઘટે તે પહેલાં જ હાથમાં આવી જતાં પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો.

# મનપાના પૂર્વ ટીપીઓ સાગઠિયાએ અપ્રમાણસર મિલકતના કેસમાં કરેલી જામીન અરજી પર આજે ચુકાદો

## અગ્નિકાંડ કેસમાં કોર્ટે જામીન ફગાવ્યા બાદ એસીબીના કેસમાં પણ બંને પક્ષની દલીલો પૂર્ણ



**મુખ્ય સમાચાર,રાજકોટ**
ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના આરોપી ટીપીઓ મનસુખ સાગઠીયા સામે અપ્રમાણસર મિલક્તનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જે અપ્રમાણસર મિલકતના કેસમાં જેલ હવાલે રહેલા ટીપીઓ સાગઠિયાએ અગ્નિકાંડ કેસની સાથે સાથે એસીબીના ગુનામાં પણ જામીન મુક્ત થવા અરજી કરી હતી. અગ્નિકાંડ કેસમાં સાગઠિયાની જામીન અરજી રદ થઈ હતી. જ્યારે અપ્રમાણસર મિલકતના કેસમાં કોર્ટે સાગઠિયાની જામીન અરજી ઉપર કોઈ પણ ઘડીએ ચુકાદો સંભળાશે

રાજકોટના કાલાવડ રોડ ઉપર આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં આગ ભભુકી ઉઠતા ૨૭ લોકો જીવતા ભુંજાયા હતા. જે અગ્નિ કાંડના રાજકોટ સહિત દેશભરમાં ઘેરા પડઘા પડયા હતા. જે અગ્નિકાંડમાં બેદરકાર પોલીસ અધિકારીઓ સહિતનાઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા જ્યારે મહાનગરપાલિકાના ટીપીઓ મનસુખ સાગઠીયા સહિત ૧૬ વ્યક્તિની સંડોવણી ખુલતા ગુનો દાખલ કરી જેલ હવાલે કરવામાં આવ્યા હતા. પોલીસ તપાસમાં ટીપીઓ મનસુખ સાગઠીયા પાસેથી ૨૬ કરોડની અપ્રમાણસર મિલકત મળી આવી હતી. ત્યાર બાદ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખાભાઈ ઠેબા પાસેથી અપ્રમાણસર મિલકત મળી આવતા બંને વિરુદ્ધ અપ્રમાણસર મિલકતનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ટીપીઓ મનસુખ સાગઠીયાએ જેલ મુક્ત થવા અગ્નિકાંડ અને અપ્રમાણસર મિલકતના કેસમાં જુદી જુદી બે જામીન અરજી કરી હતી જેમાં અદાલતે અગ્નિકાંડ કેસમાં આરોપી પૂર્વ ટીપીઓ સાગઠીયાની જામીન અરજી ફગાવી દીધી છે. જ્યારે અપરમાણસર મિલકતના કેસમાં બંને પક્ષ દ્વારા દલીલો કરવામાં આવી છે. સાગઠિયાના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા એવી રજુઆત કરવામાં આવી હતી. કે સાગઠિયા સામે અપ્રમાણસર મિલકતનો જે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. તેમાં માત્ર વર્ષ ૨૦૧૨ થી વર્ષ ૨૦૨૪ સુધીની આવકને ધ્યાને લઈને ગુનો દાખલ કરવામાં આવ્યો છે. છેલ્લા ૧૦ વર્ષ પહેલાંની મિલકતો કે આવકને ધ્યાનમાં લેવામાં આવી નથી તેવી દલીલો કરવામાં આવી હતી. જ્યારે સરકાર પક્ષે સ્પે. પીપી દ્વારા રજુઆત કરવામાં આવી હતી કે પૂર્વ ટીપીઓ સાગઠિયા પાસે અગાઉની મિલકતો હોય તો તેના કોઈ પણ આધાર- પુરાવા સાગઠિયા દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા નથી. બને પક્ષ દ્વારા કરવામાં આવેલી દલીલોના આધારે અદાલત ગમે તે ઘડીએ પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠીયાની જામીન અરજી ઉપર ચુકાદો સંભળાવે તેવું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. આ કેસમાં સાગઠિયાના બચાવ પક્ષે એડવોકેટ જામનગરના એડવોકેટ વી.એચ. કનારા, વી.એસ. ખીમાણીયા અને રાજકોટના ભાર્ગવ બોડા તેમજ સરકાર પક્ષે સ્પે. પીપી સંજયભાઈ કે. વોરા રોકાયા છે.

# પરસાણાનગરમાં ભરણપોષણના કેસનું સમાધાન કરવાનું કહી યુવાન પર હુમલો

## કેસમાં સમાધાનના ૧૦ લાખ પડાવવા જમાઈને ઘરમાં ઘુસીને સસરા-સાળાએ માર માર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**
જામનગર રોડ પર આવેલા પરસાણાનગરમાં રહેતા સફાઈ કામદાર મહિલાના દીકરાનો ભરણપોષણનો કોર્ટમાં કેસ ચાલતો હોય જે બાબતનો ખાર રાખી તેના સસરા, સાળા સહિતનાએ ઘરમાં ઘૂસી તોડફોડ કરી હતી બાદમાં આ શખસોએ મહિલાને ધક્કો મારી પછાડી દઈ તેમને ઈજા પહોંચાડતા પોલીસે આ મામલે ગુનો નોંધ્યો છે.જામનગર રોડ પર પરસાણાનગર શેરી નંબર ૬ માં રહેતા સફાઈ કામદાર મનુબેન મહેન્દ્રભાઈ શિંગાળા (ઉ.વ ૫૬)એ પ્રનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેના વેવાઈ હિતેશ કાનજીભાઈ ગડીયલ તેના પુત્રો મિલન, સંદિપ અને સાગરના નામ આપતા જણાવ્યું હતું કે, તેમને સંતાનમાં એક પુત્ર અને છ પુત્રી છે. પુત્ર નું નામ મહેશ(ઉં.વ ૨૪) છે જેના ત્રણ વર્ષ પૂર્વે હિતેશભાઈ ગડીયલની દીકરી ખુશાલી સાથે લગ્ન થયા હતા જેના થકી સંતાનમાં એક પુત્ર છે. પતિ પત્ની વચ્ચે મનમેળ ન રહેતા બે વર્ષથી ખુશાલી તેના માવતરના ઘરે જતી રહી છે અને પુત્ર પર ભરણપોષણનો કેસ ચાલી રહ્યો છે, જે કેસમાં સમાધાન માટે પુત્રવધુ ખુશાલી અવારનવાર રૂ. ૧૦ લાખની માંગણી કરે છે. આ કેસ બાબતેનો ખાર રાખી આરોપીઓ તેમના ઘરે ઘસી આવ્યા હતા.અને બોલાચાલી કરી ઘરમાં તોડફોડ કરી હતી.તેમજ મારામારી કરી હતી.જેથી આ મામલે પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# મવડીના કારખાનેદારનો આજીડેમમાં ઝંપલાવી આપઘાત

## યુવાન બે દિવસ પહેલા ઘરેથી એકટીવા લઈ નીકળી ગયા બાદ લાપતા થયો હતો



**મુખ્ય સમાચાર,રાજકોટ**
મવડી ચોકડી પાસે બાપા સીતારામ ચોકમાં રહેતો કારખાનેદાર યુવક સોમવારે સાંજના સમયે પોતાના ઘરેથી એક્ટિવા લઈને નીકળી ગયા બાદ લાપતા થયો હતો. જેથી તેમના પરિવાર દ્વારા તાલુકા પોલીસમાં ગુમ નોંધ નોંધાવવામાં આવી હતી. ત્યારે ગઈકાલે સાંજના સમયે આજીડેમમાંથી તેનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી.જયારે તેના મૃતદેહને ફાયરની ટીમે પાંચ કલાકની જહેમત બાદ બહાર કાઢીને પીએમ અર્થે ખસેડ્યો હતો અને પ્રાથમિક તપાસમાં તેને આપઘાત કર્યાનું ખુલ્યું છે.

બનાવની મળતી માહિતી મુજબ મવડી ચોકડી પાસે બાપા સીતારામ ચોકમાં સોરઠીયાવાડી પાર્ક શેરી નંબર-૨માં રહેતા અંકિતભાઈ ગોબરભાઈ કમાણી નામના ૨૯ વર્ષીય યુવક સોમવાર સાંજના સમયે પોતાનું GJ03JN.5062 નંબરનું એક્ટિવા લઈને ઘરેથી નીકળ્યા બાદ ગુમ થતા પરિવાર દ્વારા તેની શોધખોળ કરવામાં આવી હતી.પરંતુ તેની કોઈ ભાણ ન મળી આવતા પરિવાર દ્વારા ગઈકાલે પોલીસમાં ગુમ નોંધ કરવામાં આવી હતી. જ્યારે પોલીસ આ કારખાનેદાર યુવકની શોધખોળ કરી રહી હતી. ત્યારે આજીડેમમાં એક યુવકની લાશ મળી આવી હતી.જેથી ફાયર અને આજીડેમ પોલીસનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. અને ફાયરની ટિમના જમાદાર નિઝામભાઈ, ચંદુભાઈ ફાયર ફાઈટર મહેન્દ્રભાઈ, ભાવેશભાઈ અને પ્રતાપભાઈ દ્વારા પાંચ કલાકની જહેમત બાદ તેના મૃતદેહને બહાર કાઢ્યો હતો.અને તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, મૃતદેહ ગુમ થયેલા અંક્તિભાઈનો જ છે. જેથી તેના મૃતદેહને પીએમ અર્થે ખસેડીને તેના પરિવારને જાણ કરવામાં આવી હતી. આ મામલે આજીડેમ પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતું કે, અંકિતભાઈ ડેમમાં પડતું મૂકીને આપઘાત કર્યો હતો. જેથી હાલ આપઘાત પાછળનું કારણ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મુંજકા ચોકડી પાસે અજાણ્યો વાહનની ઠોકરે નેપાળી યુવાનનું મોત

રાજકોટની ભાગોળે મુંજકા ચોકડી પાસે પેટ્રોલપંપ નજીક હિટ એન્ડ રનની ઘટનામાં મૂળ નેપાળનાં યુવાનનું મૃત્યુ નિપજયાનો બનાવ યુનિવર્સિટી પોલીસ ચોપડે નોંધાયો છે. આ મામલે અકસ્માત સર્જનાર અજાણ્યા વાહનના ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે. વધુ વિગતો મુજબ, રાજકોટમાં સાધુવાસવાની રોડ પર રહેતા મૂળ નેપાળનાં ગોપીનભાઈ બીરે સુનારે ગઈ તા. ૧૨નાં બાઈક લઈને જઈ રહ્યા હતા ત્યારે મુંજકા ચોકડી પાસે પેટ્રોલ પંપ નજીક અજાણ્યો વાહનનો ચાલક તેને હડફેટે લઈ ભાગી ગયો હતો.આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ ગોપીનભાઈને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.જયાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે ગાંધીગ્રામ-૨ પોલીસે મૃતકના સગા કોરિયોગ્રાફર પ્રકાશભાઈ પરીયાર (ઉ.વ.૩૮)ની ફરિયાદ્ પરથી અજાણ્યા વાહનના ચાલક સામે ગુનો દાખલ કર્યો હતો. આ અંગે પીએસઆઈ ડી.બી.કારેથા અને સ્ટાફે કાર્યવાહી શરૂ કરી છે.

# સિવિલ હોસ્પિટલ ચોકમાં ઈક્કોમાં પેસેન્જર ભરવા પ્રશ્ને યુવાન પર હુમલો



શહેરના સિવિલ હોસ્પિટલ ચોકમાં ઓવરબ્રીજ નીચે જામનગર રૂટ ઉપર ફેરા કરતા વાહન નસ્ત્ર ચાલકોનો જમાવડો જોવા મળે છે. જેમાં વધુ એક વખત પેસેન્જર ભરવા ૧ બાબતે માથાકુટ થતાં ઈકો ચાલક ઉપર નસ્ત્ર અન્ય વાહન ચાલક સહિત શખ્સોએ હુમલો કરી મારમારતા ઈજાગ્રસ્ત આધેડને સારવાર માટે * હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. રાજકોટ તાલુકાના પારેવડા ગામે રહેતા અને ઈકો ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હેમતરામ કેશ કે શવદાસ ૧ ગોંડલિયા ઉ.વ.૪૬ નામના આધેડ આજે બપોરે પોતાની ઈકો કાર લઈ - સિવિલ હોસ્પિટ ચોકમાં ઓવરબ્રીજ ૧ નીચે ઉભા હતા ત્યારે અન્ય વાહન ચાલક રાજુ સહિત ૮ શખ્સોએ ઢીકા પાટુનો માર મારતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી પ્ર.નગર પોલીસને જાણ કરી હતી. પ્રાથમિક તપાસમાં તેઓ પોતાની ઈકો કારમાં પેસેન્જર ભરતા હોય જેથી રાજુ સહિતના શખ્સોએ પેસેન્જર ભરવા બાબતે માથાકુટ કરી માર માર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે પ્ર.નગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રામેશ્વર પાર્કના મહિલા અગ્રણીએ પુત્ર સાથે મળી પતિને માર માર્યો

## રેલનગરમાં રામેશ્વર પાર્કમાં બનેલો બનાવઃ સમાધાન કરી નાખતા ગુનો ન નોંધાયો







**મુખ્ય સમાચાર,રાજકોટ**
ક્ષત્રિય મહિલા અગ્રણી પદ્મિનીબા વાળા ફરી એકવાર ચર્ચામાં આવ્યાં છે. મોડી રાત્રિના પદ્મિનીબા વાળાએ તેના પુત્ર સાથે મળીને તેમના પતિ ગિરિરાજસિહ પર લોખંડના પાઈપથી હિચકારો હુમલો કર્યો હતો. જેથી તેમને ઈજા પહોંચતા સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. પંરતુ આ મામલે પરિવાર વચ્ચે સમાધાન થઈ જતાં પોલીસ દ્વારા ગુનો નોંધવામાં આવ્યો ન હતો.

પ્રાપ્ત વિગત મુજબ, રેલનગરમાં આવેલ રામેશ્વર પાર્ક-૫ માં રહેતાં ગિરિરાજસિહ અનિરૂદ્ધસિહ વાળા (ઉ.વ.૪૭) સોમવાર રાત્રિના પોતાના ઘરે હતાં ત્યારે રાત્રે ૧ વાગ્યાની આસપાસ તેમના પત્ની પદ્મિનીબા વાળા તેમજ પુત્ર સત્યજીતસિંહએ કોઈ કારણોસર ઝઘડો કરી ગિરિરાજસિહ પર લોખંડના પાઈપથી હુમલો કર્યો હતો. આ હુમલામાં ગિરિરાજસિહને ઈજા પહોંચતા

તેઓને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગેની જાણ પ્ર.નગર પોલીસને થતાં તેઓ હોસ્પિટલે દોડી આવ્યા હતા. જો કે, પોલીસે બંને પક્ષ વચ્ચે સમાધાન થઈ જતાં મામલો થાળે પડયો હતો. તેમજ ઈજાગ્રસ્ત ગીરીરાજસિહ પણ મોડી રાતે ટૂંકી સારવાર લઈ હોસ્પિટલમાંથી રજા લઈ નીકળી ગયાં હતાં.જેથી સમાધાન થઈ જતાં કોઈ કાયદાકીય કાર્યવાહી કરી ન હતી.

# મોરબીના કારખાનામાં ત્રણ વર્ષના બાળક પર લોડર ફરી વળતા મોત



મોરબીની ભાગોળે આવેલા કાલીકા નગર પાસેની એક ફેક્ટરીમાં રહેતા શ્રમિક પરિવારનો ત્રણ વર્ષનો બાળક કારખાનામાં પડેલા લોડરની સુપડીમાં રમી રહ્યો હતો ત્યારે લોડર ચાલકે આવી અચાનક લોડર ચાલુ કરી સુપડીને ઉંચી કરતા ત્રણ વર્ષનો બાળક નીચે પટકાયો હતો અને બાદમાં આજુબાજુ જોયા વગર ચાલકે લોડર હંકારતા આ બાળક પર તેના તોતીંગ વ્હીલ ફરી વળતા ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. મૂળ મધ્યપ્રદેશના રહેવાસી અને હાલમાં મોરબીના લખધીરપુર રોડ ઉપર કાલિકા નગર ગામની સીમમાં આવેલ તુલસી મિનરલ્સ નામના કારખાનાના લેબર કવાર્ટરમાં રહેતા અને ત્યાં કામ કરતા જીતેલસિંહ ગુમનસિંહ ડાવર (ઉ.૨૧) નામના યુવાને લોડર નંબર જીજે ૩૬ એસ ૩૭૧૭ના ચાલક સામે મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવેલ છે. જેમાં તેને જણાવ્યું છે કે, તેનો ત્રણ વર્ષનો દીકરો શિવા કારખાનાના બોઈલ વિભાગ પાસે પડેલા લોડરની સુપડીમાં રમતો હતો. દરમિયાન લોડરના ચાલકે તેનું વાહન અચાનક ચાલુ કરીને લોડરની આગળની સુપડી ઉંચી કરતા બાળક ઉપરથી નીચે પટકાયો હતો અને ત્યાર બાદ તેના શરીર ઉપરથી લોડરનું આગળનું જમણી તરફનું વ્હીલ છાતી ઉપરથી ફરી ગયું હતું. જેથી કરીને તે બાળકને ગંભીર રીતે ઈજા થયેલ હતી અને તે બાળકનું મોત નીપજયું હતું. આ અકસ્માત મૃત્યુના બનાવ સંદર્ભે મૃતક બાળકના પિતાએ નોંધાવેલ ફરિયાદ આધારે પોલીસે ગુનો નોંધીને લોડર ચાલક સુનિલ કાળુભાઈ મેડા (ઉ.૨૩) રહે. હાલ મોરબી મૂળ રહે મધ્યપ્રદેશ વાળાની ધરપકડ કરી છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે

# મવડી પાસે ગેરેજના વર્કશોપમાંથી ૧.૮૦ લાખની ચોરી

મવડી વિસ્તારમાં આવેલી રાધેશ્યામ ગૌ શાળા પાસે આવેલા જે.કે. કાર્સ નામના વર્કશોપમાં ત્રાટકેલા તસ્કરો ગેરેજ કામને લગતી રૂા.૧.૮૦ લાખની કિંમતની ચીજ-વસ્તુઓની ચોરી કરી ગયાની રાજકોટ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. શિવશક્તિ કોલોનીમાં રહેતા કાર્તિકભાઈ મુકેશભાઈ ત્રિવેદીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ જયરાજસિંહ બાવકુભાઈ વાંક સાથે ભાગીદારીમાં વર્કશોપ ચલાવે છે. જયાં ફોર વ્હીલરનું બોડીકામ, કલરકામ અને રિપેરીંગ કરે છે. વર્કશોપ સાથે સ્પેરપાર્ટની કેબીન અને ઓફિસ ઉપરાંત પેઈન્ટ બુથ આવેલા છે. ગઈ તા. ૧૨મીએ સવારે ૧૧ વાગ્યે પ્રસંગમા જવું હોવાથી વર્કશોપને લોક મારી ઘરે ગયા હતા. પાર્ટનર સાંજે સ્પેરપાર્ટની કેબીન અને ઓફીસની કેબીનના દરવાજા ઉપરાંત મેઈન ગેઈટના દરવાજાને લોક મારી ગયા હતા. ગઈકાલે સવારે વર્કશોપે પહોંચ્યા ત્યારે ઓફિસ અને સ્પેરપાર્ટની કેબીનનો દરવાજો ખુલ્લો હતો. અંદરથી કોમ્પ્યુટર, મોનિટર અને બીજો સામાન ચોરી થઈ ગયો હતો. જે અંગે આજે ફરિયાદ નોંધાવતાં રાજકોટ તાલુકા પોલીસના પીએસઆઈ બી.વી.સરવૈયા અને સ્ટાફે સીસીટીવી કેમેરા વગેરેના આધારે તપાસ આગળ ધપાવી છે.

# મોરબી રોડ પર ઈમિટેશનના ધંધાર્થીને બે વ્યાજખોરોએ મારમારી ધમકી આપી

ઈમિટેશનના ધંધાર્થીએ વ્યાજે લીધેલા રૂ.૧૧ લાખના રૂ.૧૬ લાખ ચૂકવી દીધા છતાં બે વ્યાજખોરે પઠાણી ઉઘરાણી કરી ધાકધમકી આપ્યાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અંગે પોલીસમાંથી રાજકોટમાં મોરબી રોડ ઉપર સેટેલાઈટ ચોકમાં આવેલ રાજમોતી રેસીડિન્સીમાં રહેતા ઈમીટેશનના ધંધાર્થી વિશાલભાઈ કાંતિલાલભાઈ પટેલ નામના યુવાને રૂપિયાની જરૂરિયાત ઊભી થતા આરોપી ધીરુભાઈ ટોળીયાને વાત કરી હતી જેથી ધીરુભાઈ ટોળીયાએ તેના ભાઈ પોપટભાઈ પાસેથી રૂપિયા પાંચ લાખ ત્રણ ટકાના વ્યાજે અપાવ્યા હતા જેના બદલામાં વિશાલ પટેલે ધીરુભાઈ ટોળીયાના પુત્ર કરણના ખાતામાં ઓનલાઈન રૂ.૪.૪૬ લાખ અને રૂ૭.૨૮ લાખ રોકડા મળી કુલ રૂ.૧૧. ૭૪ લાખ પરત કર્યા હતા. અને આરોપી ધીરુભાઈ તેના મિત્ર તેજારામ પ્રજાપતિ પાસેથી અપાવેલા રૂપિયા એક લાખના બદલામાં વિશાલ પટેલે રૂ. ૬૮ લાખ ઓનલાઈન થી અને ૩૬૦૦૦ રોકડા મળી કુલ રૂ.૧.૦૪ લાખ ચૂકવી આપ્યા હતા તેમ છતાં ધીરુભાઈ ટોળીયા અને પ્રદીપ ચૌહાણ પઠાણી ઉઘરાણી કરી બીભત્સ ગાળો ભાંડી ધાક ધમકી આપતા હોવાની વિશાલ પટેલે બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પીએસઆઈ એન.એન. શ્યોરા સહિત સ્ટાફે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના વૃદ્ધનો લીંબડીમાં ઝેરી દવા પી આપઘાત

## પેલેસ રોડ પર આવેલ જવેલર્સ શોરૂમ ખાતે પરિવારજનો મૃતદેહ લઈ આવ્યા અને કહ્યુ, ઉઘરાણી કરી લ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**
રામેશ્વર સોસાયટીમાં રહેતા અશ્વિનભાઈ પોપટલાલ આડેસર ઉ.૬૩ નામના વૃદ્ધ દીકરીને મુકવા લીંબડી ગયા હતા પત્ની પણ સાથે હતા ત્યારે ઝેરી દવા પી લેતા પ્રથમ લીંબડી અને ત્યાંથી સારવાર અર્થે સુરેન્દ્રનગર ખસેડાયા હતા પરંતુ અહીં મોત નીપજયું હતું પરિવારજનો સવારે મૃતદેહ લઈ પેલેસ રોડ ઉપર આવેલ જવેલર્સ શોરૂમ ખાતે પહોચ્યા હતા અને લ્યો હવે મૃતદેહ પાસેથી ઉઘરાણી કરી લ્યો કહી રોષ ઠાલવ્યો હતો.બનાવ અંગે મૃતક અશ્વિનભાઈના ભત્રીજા તેજસભાઈ વિનોદભાઈ આડેસરાએ જણાવ્યું હતું કે કાકાનો પૂત્ર હિરેન પેલેસ રોડ ઉપર વેપારી મનોજભાઈના વર્કશોપમાં મજુરી કામ કરતો હતો તેમાં તેને મજુરીના પૈસા લેવાના હોય પરંતુ આપતા ન હોય જેથી શેઠ હસ્તકનું સોનું વેચી નાખ્યું હતું તેવી જ રીતે અન્ય વિવેકભાઈના વર્કશોપમાં પણ કામ કર્યુ હોય તેના પૈસા પણ બાકી હોય રૂપિયા નહિ મળતા તેનું સોનું પણ વેચી નાખ્યું હતું વેપારીઓએ સોનાની ઉઘરાણી કરતા તે ઘર છોડીને જતો રહ્યો હતો થોડા દિવસ પછી પરત આવી ગયો હતો તે પછી હિરેનને એ ડીવીઝન પોલીસ સ્ટેશને લઈ જઈ ધમકાવી મારકૂટ કરવામાં આવી હતી તેણે બે બંગાળીને સોનું વેચ્યું હોવાનું કહેતા ૧૩૬ ગામ સોનું પરત મેળવી લીધું હતું અને સોનું પરત મળી ગયું છે તેવું લખાણ કરાવી અટકાયતી પગલા લઈ જવા દીધો હતો તે પછી પણ વેપારીઓ દ્વારા ઉઘરાણી ચાલુ રાખવામાં આવી હતી અને ફોન ઉપર પણ ધમકી આપતા હતા જેથી કંટાળીને ગઈકાલે લીંબડી ખાતે ઝેરી દવા પી લીધી હતી રોષે ભરાયેલા પરિવારજનો અંતિમવિધિ માટે મૃતદેહ લઈ રાજકોટ આવ્યા હતા અને શોરૂમ ખાતે લઈ જઈ લ્યો હવે મૃતદેહ પાસે ઉઘરાણી કરો તેમ કહી રોષ ઠાલવી પોલીસ કમિશ્નર સમક્ષ ન્યાયની માંગ કરી હતી મૃતક બે ભાઈ ત્રણ બહેનમાં નાના અને સંતાનમાં એક પૂત્ર અને બે પુત્રી હોવાનું જાણવા મળ્યું છે બનાવને પગલે પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

# ખોડિયારપરામાં વીજ ચેકીંગમાં ગયેલા પીજીવીસીએલના કર્મચારી પર છેડતીનું આળ મૂકી માર માર્યો

## મહિલા સહિત પાંચ શખ્સોએ લાકડી વડે હુમલો કરતા પ્રૌઢને સારવારમાં ખસેડાયા



**મુખ્ય સમાચાર,રાજકોટ**
રાજકોટ શહેરના આજી વસાહતમાં આવેલા ખોડિયારપરામાં વીજચોરી અંગે તપાસમાં ગયેલા પીજીવીસીએલના કર્મચારી ઉપર છેડતીનો આરોપ મૂકી હુમલો કરવામાં આવતા ઈજાગ્રસ્ત કર્મચારીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. ત્રણ મહિલા સહિત પાંચ શખ્સો લાકડીથી તૂટી પડયા હોવાનુ જણાવ્યું હતું. આ અંગે થોરાળા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ, રેલનગરમાં ફાયર બ્રિગેડ પાસે રહેતા અને પીજીવીસીએલમાં ઈલેક્ટ્રિશ્યન આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા ઈશ્વરભાઈ ગોકળભાઈ પુરોહિત (ઉ.વ.૪૬) ગત તા.૧૪ના સવારે આજી વસાહતમાં આવેલા ખોડીયારપરામાં જગદીશભાઈના ઘરે હતા ત્યારે ત્રણ મહિલા સહિત પાંચ શખ્સોએ લાકડી વડે માર મારતા તેમને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અંગે સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી થોરાળા પોલીસને જાણ કરી હતી.

પ્રાથમિક તપાસમાં જગદીશભાઈના ઘરે લાઈટ ન હોવાની ફરીયાદ હોવાથી ઈલેકટ્રીશ્યન આસીસ્ટન્ટ ઈશ્વરભાઈ અને એલ.આઈ. ગોંડલીયાભાઈ રીપેરીંગમાં ગયા હતા. ત્યારે ઘરમાં તપાસ કરવા જતાં છેડતીનો આરોપ મૂકી મહિલા સહિતના શખ્સોએ હુમલો કરી માર માર્યો હતો.

જે કે, આ ઘરમાં બાજુમાંતી લંગરીયું નાખી વીજચોરી કરતા હોવાથી ઘરમાં તપાસ કરવા જતાં પરિવાર દ્વારા ખોટી રીતે છેડતીનો આરોપ મૂકી પીજીવીસીએલના કર્મચારી ઉપર હુમલો કર્યાનું જાણવા મળ્યું છે. ઘટના સ્ટાળે સીસીટીવી પણ લગાવેલા હોય જેથી આ અંગે થોરાળા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબી રોડ પર સ્કૂટર સવાર મહિલાના ગળામાંથી સોનાના ચેઈનની ચીલઝડપ કરી સમડી ફરાર



રાજકોટમાં જુના મોરબી રોડ પર મોડી રાતે એકટીવામાં સવાર મહિલાના ગળામાંથી ૯૦ હજારના સોનાના ચેઈનની ઝોંટ મારી બે શખ્સો ફરાર થઈ જતાં બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી સીસીટીવીના આધારે તપાસ હાથ ધરી હતી. મળતી વિગતો મુજબ,જુના મોરબી રોડ પર જકાતનાકા પાસે ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં રહેતાં અરજણભાઈ મોહનભાઈ પાનસુરીયા(પટેલ) (ઉ.વ.૫૯) એ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ માલીયાસણ ગામની સીમમાં આવેલ ખેતીની જમીનમાં ખેતીકામ કરી પરીવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે સાંજના છ વાગ્યાની આસપાસ તેમના પત્ની અને દસ વર્ષીય પૌત્ર સાથે એકટીવામાં તેમના નવાગામ દિવેલીયાપરામાં રહેતાં સંબંધી જયંતીભાઈ વસોયાની ઈમીટેશનની ભઠ્ઠી ખાતે જમણવાર રાખ્યું હોય ત્યાં ગયા હતાં. બાદમાં રાત્રીના નવેક વાગ્યાની આસપાસ તેઓ ઘરે આવતા હતા ત્યારે મોરબી રોડ પર મયુર ભજીયા વાળાની દુકાનની સામે પહોંચતા એક બાઈકમાં ડબલ સવારીમાં આવેલા શખ્સોએ પાછળથી આવી તેમને પોતાનું બાઈક એક્ટિવા નજીક ચલાવી ફરિયાદીની પત્ની જે પાછળ બેસેલ હોય તેમને ગળામાં પહેરેલ સોનાની ત્રણ તોલાની માળા ૯૦ હજાર ની ગળામાંથી ઝુંટવી લઈ મોરબી જકાતનાકાથી જુના મોરબી રોડ તરફ પોતાનું બાઈક શખ્સો નાસી છૂટ્યા હતાં. ફરિયાદીએ દેકારો કર્યો પણ બંને શખ્સો તેમના પત્નીના ગળામાંથી રૂ. ૯૦ હજારનો સોનાનો ચેઈન ઝુંટવી ભાગી ગયા હતા. બાદમાં ફરિયાદ નોંધાવી હતી.બનાવ અંગેની ફરીયાદ પરથી બી ડિવિઝન પોલીસે અજાણ્યાં શખ્સો સામે ગુનો નોંધી પીએસઆઈ જે.આર.સોલંકી અને ટીમે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી હતી.